# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧




મતભેદ છતાં લાલાઓ લાભની પેરવી રાખે છે
ગુંડા-ગુન્હેગાર સભ્યોનો બચાવ સેરવી નાખે છે,
મેરવી નાખે છે મૂલ્યોનું દૂધ નિજી સ્વાર્થ ખાતર -
ન્યાય-નીતિના 'સુપ્રીમ' આદેશોને ફેરવી નાખે છે..
(જેલમાંથી પણ ચૂંટણી લડી શકે, બોલો..)




લાગે તો તીર!
(કાં ઓળીયો - ગોળિયો,
ઉત્પલ પર..
(બચ્ચનની નકલી વિડિયો)

પૂછે છે કોણ?!
હવે 'ટાઉન હોલ' -
વિકલ્પ છે ને!!
(મહાત્મા મંદિર થતાં દુર્દશા)

## ચિંતન

**મૂર્ખસ્તુ પરિહર્તવ્યઃ પ્રત્યક્ષો દ્વિપદઃ પશુઃ ।**
**ભિનત્તિ વાકશલ્યેન અદૃષ્ટઃ કંટકો યથાઃ ॥**

'(સુંદર રૂપ વાળા યૌવનથી મદમસ્ત) અન્ય મનુષ્યો પ્રમાણે માણસને હોય તો બે પગ-હે હાથ વગેરે માણસ જેવું જ શરીર પરંતુ તેનું આચરણ ચારપગવાળાં પશું જેવું હોય છે. સામાન્યતઃ મૂર્ખ વ્યક્તિ સજ્જન અને સદ્‌ગુણી વ્યક્તિને બોજરૂપ બની કષ્ટદાયી બને છે. જેમ પગમાં અદૃષ્ટ દેખાય નહીં એવો કાંટો લાગ્યો હોય - તે દેખાય નહીં છતાં પીડાદાયક તો હોય જ છે.

મૂર્ખ વ્યક્તિ પોતાના આચરણ-વર્તન બોલવાની ઉદ્ધત પદ્ધતિભરી રીતથી સજ્જન ને કષ્ટ આપતી હોય છે.'

ભલે વ્યક્તિ રૂપે-રંગે સારાં હોય પણ એની વાણી-ભાષામાં અવિવેક હોય, કોઇની પણ માન-મર્યાદા ન સાચવતી હોય - પોતાને જ સર્વથી શ્રેષ્ઠ-બુદ્ધિમાન અને આવડતવાળી સમજતી હોય અને પોતાના આચરણથી આસપાસની અને તેનાં સંપર્કમાં આવતી વ્યક્તિના દિલ દુભાવતી હોય તો એ વ્યક્તિ પશુ-સમાન જ છે.

પગમાં નાની કાંટાની સૂળ હોય, દેખાય નહીં છતાં કષ્ટ આપે તેમ આવી વ્યક્તિ પોતાના આચરણથી કષ્યદાયી બને છે.

## સુવિચાર

- એક દિવસ એવો આવે જ છે કે જયારે કોમળતા માટે ફણગામાં પુરાઇ રહેલું બીજ વધુ પીડાદાયક એવા તાપ, ટાઢમાં ધરતી ચીરીને બહાર આવે છે. જો આમ ન બનતું હોત તો સૃષ્ટિનો અંત આવી જાય - **જ્ઞાનસૂત્ર**
- નિષ્ફળતા એટલે અમુક અપેક્ષિત ફળ ન મળ્યું તે... પણ એવું ન બને કે આપણી અપેક્ષાનું ફળ ભલે નાનું અને નજીવું હોય? અને ઇશ્વરકૃપાથી જે ફળ મોડેથી મળવાનું હોય તે વધુ સારૂં અને હિતકારક હોય? - **ડૉ. વિક્રમ સારાભાઇ**
- મંદિરો, મસ્જિદો, ચર્ચ કે ગુરૂદ્વારામાં ઇશ્વરને શોધવો એટલે માઇક્રોસ્કોપ વગર વાઇરસ જોવાનો પ્રયાસ. એના કરતાં આ સૃષ્ટિને ચલાવનાર, સર્જન કરનાર, અનિષ્ટોને નાબૂદ પણ કરનાર ને સ્વીકારીને તેનો પળે પળે આભાર માનીને તેજ ઉત્તમ ભક્તિ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે જયારે કોઇની સાથે તમને સરખાવો છો ત્યારે પહેલા તો તમે જ તમારૂં અપમાન કરો છો - **ક.મા. મુન્શી**
- જિંદગી પ્રેમથી જીવાય, ભયથી નહીં, આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસથી જીવાય, ભૂતકાળની કડવી યાદો કે ભવિષ્યની ચિંતાથી વહેરાઇ જવાનું સલાહભર્યું નથી - **માનસ સૂત્ર**
- માણસ પોતાની યોગ્ય જરૂરિયાતો પૂર્ણ કરતો રહે અને અતિરેક માચે સંયમ દાખવે તો પરમ સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય - **ડૉ. ચંદ્રકાન્ત મહેતા**
- પતન માટે કેવળ ઇચ્છા જોઇએ, ઉત્કર્ષ માટે ઇચ્છા અને સાધન બંને જોઇએ - **ગાંધીજી**

## બોધ કથા

માણસની પાસે ધન-સમૃદ્ધિ તો ઘણાની પાસે હોય પણ એનો સદુપયોગ-દાન-પુણ્ય-જરૂરિયાતમંદને મદદ-સમાજને ઉપયોગી થવાનાં કાર્યોની સમજ અને એ પ્રકારની બુદ્ધિ-વિચાર-પ્રેરણા બહુ ઓછા લોકોને મળે છે; અને એ આપવાનો આનંદ અનેરો જ હોય છે એ તો જે દાન-પુણ્ય-સેવા કરતા હોય એ જ અનુભવી શકે.

એક બગીચામાં આસોપાલવનું ખૂબ ઊંચું ઝાડ અને બાજુમાં ભરાવદાર આંબો હતો. બંને મિત્રો હતા. આસોપાલવનને કોઇ ફળ ન આવે એટલે એને આંબા પ્રત્યે થોડી ઇર્ષ્યા-દાઝ હતી.

કેરીની સિઝન આવી કાચી કેરીથી આંલો લચી રહ્યો હતો. બાજુની નિશાળમાં રિષેશ પડે કે બાળકો પથ્થરા લઇને આવે અને આંબાને મારી કાચી કેરી પાડે-ત્યાં બેસીને જ ખાય..

આસોપાલવને ઇર્ષ્યા વ્યક્ત કરવાની તક મળી કહ્યું, આંબાભાઇ! તમારે તો કેરીના ફળ આવે છે ને છોકરાંનાં પથ્થરનો માર સહન કરવો છો નહીં!

આંબાએ સ્મિત સાથે કહ્યું, ભાઇ કેરીને કારણે જ બાળકો મને યાદ કરી મારી પાસે આવે છે કેરી પાડીને ખાય છે તે જોવાનો જે 'આનંદ' છે એ તને કદી નહીં સમજાય, આપવાનો આનંદમાં કોઇ દુઃખ કે પીડા કદીય થતાં જ નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# વંદાઓને અંધારૂ ગમે છે, તે અજવાળાથી દૂર રહે છે, નિશાચર એવા વંદા રાત્રે સક્રિય સક્રિય રીતે ભ્રમણ કરે છે અને દિવસે આરામ કરે છે, તેના જીવનનો ૭૫ ટકા જેટલો સમય આરામમાં, નિષ્ક્રીય રહેવામાં વીતે છે

## વન્યસૃષ્ટિ પરિચય
## વંદાઓની વિશેષતાઓ


- હેમંત સુથાર

આ પૃથ્વી પર અડધા ઉપરાંતની જાતિઓ ધરાવે છે તેવા સંધિપાદ સમુદાયના કીટક વર્ગના બલાટ્ટારીયા શ્રેણીમાં સામેલ છે તેવા વંદાઓથી કોઇ અજાણ નથી. પરંતુ વિશ્વના સફળત્તમ જીવોની કક્ષામાં તેને મુકવા પડે છે તે માટેની તેની વિશિષ્ટ કેટલીક ખાસિયતો વિશે આજે આપણે જોઇશું.

વિશ્વમાં વંદાઓની ૫૦૦૦ જેટલી જાતિઓ છે. તે પૈકી લગભગ ૩૦ જેટલી જાતિઓ આપણાં ઘરોમાં રહેવાનું પસંદ કરે છે. બાકીની ૪૯૭૦ જેટલી જાતિઓ તેમના કુદરતી વાસસ્થાનોમાં રહે છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેવા ઠંડામાં ઠંડા પ્રદેશોથી લઇને વિશ્વના ગરમમાં ગરમ પ્રદેશોમાં વંદાઓ વસવાટ કરે છે. આપણે જેને ઉપદ્રવી ગણીએ છીએ તેવી વંદાની જાતો ૦ ડીગ્રી તાપમાન સુધી જીવતી રહી શકે છે. આપણાં ભારતમાં વંદાઓની ૪ જાતિઓ વસવાટ કરે છે.

આ પૃથ્વી પર વંદાઓનું આગમન૨૮૦૦ લાખ વર્ષ પહેલાં થયું જે ડાયનાસૌર કરતાં પણ પહેલાં ગણી શકાય. જે વિસ્તારોમાં અણુ અખતરાઓ થયાં હતા તેવા વિસ્તારોમાં અન્ય જીવો જીવો કે ટકી શક્યા નહતા. ત્યાં વંદાઓ જીવતા જોવા મળ્યાં છે. એટલે કે વંદાઓ પર આણ્વિક વિકીરણોની અસર પણ થતી નથી તેવું કહી શકાય. આપણને હેરાન કરતી માનીએ છીએ તેવી હાનિકારક કીટકો પૈકીની એક ઉંધઇ સાચા વંદાઓમાંથી પેદા થયેલ છે.

વંદાઓ ૬ પગ અને અઢાર ઘૂંટણ (સાંધા) ધરાવે છે. ચાર પાંખો પૈકીની આગળની ઉપરની બે પાંખો જાડી ચર્મ જેવી કથ્થાઇ કે કાળા રંગની હોય છે. જે શરીરના રક્ષણનું કાર્ય કરવમાં મદદરૂપ બને છે જે ઉડવામાં ઉપયોગી બનતી નથી. બાકીની પાછળની કે નીચેની બે પાંખો જાળીદાર પારદર્શક હોય છે તેની મદદથી વંદા ઊડી શકે છે પરંતુ આ કીટકો ઉડવાનું જવલ્લે જ પસંદ કરે છે. મોટા ભાગે ઝડપથી ચાલતા કે દોડતાં જોવા મળે છે. એક કલાકમાં ત્રણ માલિ એટલે કે પાંચ કિલોમીટર જેટલી ઝડપથી તે દોડી શકે છે.



વંદાને પકડવાની કોશિષ કરી જોજો. મોટા ભાગે નિષ્ફળતા મળશે, કારણ કે તેની વાળ જેવી બે લાંબી એન્ટેના (સ્પર્શકો) ની મદદથી તે આજુબાજુના સામાન્ય હવાના હલનચલન ને પણ તુરંત પારખી શકે છે. દોડતી વખતે તે ખુબ જ ઝડપથી નિર્ણય કરી શકે છે. એક સેકન્ડમાં તે દોડતી વખતે ૨૫ વાર તેની દિશા બદલી શકે છે.

વંદાનું હૃદય વાલ્વવાળી સાદી ટ્યુબ જેવું હોય છે. આવા હૃદયની મદદથી તેના શરીરના આગળ અને પાછળના ભાગોમાં લોહીનું વહન થયું હોય છે. વંદાનું લોહી લાલ નહીં પણ સફેદ રંગનું હોય છે. વંદાનું હૃદય બંધ થાય તો પણ વંદાને કોઇ નુકસાન થતું નથી. વંદા શીત રૂધિરવાળા પ્રાણીઓની યાદીમાં આવે છે.

વંદા ૭ દિવસ સુધી કપાયેલા માથા એટલે કે માથા વગર જીવી શકે છે. મોઢાની મદદથી તેને પાણી પીવા મળતું નથી તે કારણને લીધે વંદો પાણીના અભાવે તરસને કારણે મરી જાય છે. ખોરાક ખાધા વગર વંદો ૩૦ દિવસ એટલે કે એક મહિના સુધી જીવી શકે છે. વંદા મિશ્રાહારી કીટક છે. તે સડેલા વનસ્પતિ અને મૃત જીવોને આધારે જીવે છે.

વંદાને પાણીમાં ડુબાડી દેવામાં આવે તો તે અડધો કલાક સુધી જીવતો રહી શકે છે. શ્વાસ લીધા વગર તે ૪૦ મિનિટ સુધી રહી શકે છે. તેનું શ્વસન તંત્ર ખુલ્લા જેવું હોય છે. શરીરના જુદા જુદા ભાગોમાં શ્વાસ લઇ શકે તેવા છિદ્રો હોય છે તેથી તેને શ્વાસ લેવા માટે મોઢું કે માથાની જરૂર પડતી નથી.

વંદાઓને અંધારૂ ગમે છે. તે અજવાળાથી દૂર રહે છે. નિશાચર એવા વંદા રાત્રે સક્રિય સક્રિય રીતે ભ્રમણ કરે છે અને દિવસે આરામ કરે છે. તેના જીવનનો ૭૫ ટકા જેટલો સમય આરામમાં, નિષ્ક્રીય રહેવામં વીતે છે.

વંદાઓ સમુહમાં રહેવાનું પસંદ કરે છે. એકલા રહેવાનું વંદાઓને ગમતું નથી. અંધારામાં રહેવું પસંદ કરતાં વંદાઓની જોવાની શક્તિ નબળી હોય છે પણ સુંઘવાની શક્તિ પ્રબળ હોય છે. વંદા પોતાના સગા-વ્હાલા અને કુટુંબીજનોને તેમની ગંધથી ઓળખી કાઢે છે અને કુટુંબીજનોમાં સંવનન કરતાં નથી.

વૈજ્ઞાનિક ભાષામાં વંદાનાનરને નર (મેલ) તરીકે અને વંદાની માદાને નિમ્ફ (Nymph) તરીકે ઓળખવામાં આવે છે. માદા નર સાથે એક જ વાર સંવનન કરીને જીંદગીભર ઇંડા મુકે છે. નર માદાને તેનું વીર્ય પેકેજમાં આપે છે જે પ્રોટીનયુક્ત હોઇ ઘણીવાર માદાઓ તેને ખાઇને જરૂરી પોષણ મેળવે છે. માદા તેના ઇંડા સેવન કરવા સુધી તેના શરીરમાં જ સંગ્રહ કરે છે. ઇંડામાંથી નીકળેલાં બચ્ચા સફેદ રંગના હોય છે. જે તેમની માતા સાથે એકથી બે દિવસ રહ્યા બાદ સ્વતંત્ર રીતે જીવતાં થઇ જાય છે. બે - ત્રણ વાર શરીરની કેલ્સિયમ યુક્ત કાંચળી ઉતારીને પુખ્યતા ધારણ કરે છે. વંદાની જુદી જુદી જાતિઓ ૩ માસથી ૪ વર્ષનું આયુષ્યકાળ ધરાવતાં હોય છે.

અંગ્રેજીમાં વંદાઓને કૉક્રોચ (Cock-roach) કહેવામાં આવે છે. તેને રોચીસ (Roaches) થી પણ ઓળખવામાં આવે છે. દુનિયાનો મોટામાં મોટો વંદો દક્ષિણ અમેરિકામાં જોવા મળે છે. તેની લંબાઇ ૬ ઇંચ (અડદો ફૂટ) જેટલી અને પાંખો ફેલાવે ત્યારે બાર ઇંચ (એક ફૂટ) જેટલી પહોંળી થાય છે.

પોતાના સમુહમાં, ટોળામાં રહેવાનું પસંદ કરતાં વંદાઓ કયાં સંતાવું? શું ખાવું? જેવા નિર્ણયો સમુહને સાથે રાખીને નક્કી કરે છે. આ માટે તેમની રાસાયણિક સંદેશા પદ્ધતિ મદદથી સંદેશા વ્યવહાર થાય છે.

વંદાઓને વાટીને તેની પેસ્ટ ઘા પડેલા દુઃખતા ભાગ પર લગાવવાથી દુઃખાવો મટી જાય છે તે એક નવાઇ લાગે તેવી વાત છે સાથે સાથે માનનો, વાનરો, કૂતરાઓ અને કેટલાક સસ્તન પ્રાણીઓને શીખવી શકાય છે. તેવું વંદાઓની બાબતમાં પણ સંભવ છે. તેવું જાપાનના વૈજ્ઞાનિકોએ શોધ્યું છે.

આપણને વંદા ભલે ગંદા લાગતાં હોય પણ આપણે ફેલાયેલી ગંદકીને દૂર કરવાનું શુભકાર્ય આ વંદાઓ કરે છે તે સમજીને તેના પ્રત્યેની સુગ દૂર કરીએ તેમાં જ સાચી સમજ છે.

# સરકારી નોકરી દરમિયાન કર્મચારીના મોત બાદ સગાઓને નોકરીનો અધિકાર નથી : સુપ્રિમ કોર્ટ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

### પેન્શન તેમજ વારસદારોનાં લાભ અંગે સુપ્રિમ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો (બંધારણની કલમ - ૩૦૦ (એ) તથા ૩૧(૧) ની સમજૂતી)

ચાલુ નોકરી દરમિયાન કોઇ સરકારી નોકરીયાતના મૃત્યુ બાદ તેનો પરીવાર રહેમરાહે નોકરી મેળવવાને પાત્ર નથી અને રહેમરાહે નીમણૂંક માંગતી વ્યક્તિ જે તે હોદ્દાઓ માટેની પાત્રતા ધરાવતી હોવી જોઇએ. તેમ સુપ્રિમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદા અન્વયે જણાવી કર્મચારીના મૃત્યુ બાદ રહેમરાહે નોકરી મેળવવાની આશામાં જીવતા હજારો બેકાર યુવાનોની આશા પર પાણી ફેરવ્યું છે.

જસ્ટીસ વી.એસ. ચૌહાણ અને એસ.એ. બોવડેની બેન્ચના એક મહત્વપૂર્ણ ચુકાદા અન્વયે સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે સંબંધિત સત્તા મંડળે મૃતકના પરીવારની નાણાંકીય સ્થિતિને ચકાસણી કરવી જોઇએ અને જો યોગ્ય અને વ્યાજબી લાગે તો જ તેમજ મૃતકના પરિવારને ખરેખર નોકરીની જરૂરિયાત છે તો તે પરીવારનીતે જ હોદ્દા ઉપરની લાયકાત તથા પાત્રતા ધરાવતી વ્યક્તિ જ રહેમરાહે નોકરી માટે યોગ્ય ઠરી શકે છે અન્યથા નહીં. માત્ર સરકારી કર્મચારીનું મોત થયું તેના આધારે જ તેનો પરિવાર રહેમરાહે નોકરી મેળવવાને પાત્ર ઠરતો નથી.

સુપ્રિમ કોર્ટની બેન્ચે એમ જી ગ્રામીણ બેંક દ્વારા ફાઇલ કરવામાં આવેલી એક અપીલને મંજૂરી આપી છે અને તેમાં રાજસ્થાન હાઇકોર્ટના ૨૦૧૦ ના ચુકાદાને પડકારેલ જે ચુકાદા અન્વયે મૃતક કર્મચારીના પુત્ર ચક્રવતીને રહેમરાહે નોકરીની રોજગારીની યોજના અન્વયે નિમણૂક પિતાની જગ્યાએ મળવી જોઇએ.

સુપ્રિમ કોર્ટની બેન્ચે રાજસ્થાન હાઇકોર્ટના ચુકાદાને બાજુમાં રાખી જજ દ્વારા આપવામાં આવેલા ચુકાદાનું કાયદાકીય દૃષ્ટિએ યોગ્યતા નથી.

રહેમરાહે નોકરીની રોજગારીના હક્કને સ્થાપિત હક્ક તરીકે ગણી શકાય નહીં.

રહેમરાહે રોજગારી માટે મૃતકના પરીવાર માટે વૈકલ્પિક જોગવાઇ રાખવામાં આવી છે. પરિવાર માટે રોજી રોટી મેળવનાર એકમાત્ર વ્યક્તિ હોય અને આવકના અન્ય સ્રોત ના હોય તો જ મૃતકના પરિવારને માટે આ ધારા ધોરણ લાગુ પાડી શકાય. મૃતકના પરીવારે યોગ્ય પાત્રતા હોય તો રહેમરાહે નોકરી મેળવવા માટે અરજી કરી શકે છે. અને સંસ્થા પાત્રતા તથા આવકના ધારા ધોરણો તપાસીને ત્યારબાદ જ ત્રણ માસમાં આવી અરજીનો યોગ્ય નિકાલ ગુણવત્તાના ધોરણે કરી શકે છે જેનો હક્ક સંસ્થાને છે.

આ ઉપરાંત એક ચુકાદામાં ગ્રેજ્યુઇટી અને પેન્શનને કર્મચારીના મહેનતથી કમાવેલા લાભો ગણવાની સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે મિલકતની જેમ પેન્શન મેળવવો એ પણ કર્મચારીનો અબાધિત અધિકાર છે. સરકારી કર્મચારી વિરૂદ્ધ વિભાગી કે કાયદાકીય કાર્યવાહી ચાલતી હોય તો પણ તેના પેન્શનને રોકી શકાય નહીં.

ન્યાયમૂર્તિ કે.એસ. રાધાક્રિષ્નન અને ન્યાયમૂર્તિ એ.કે. સીકરીની ખંડપીઠે જણાવ્યું હતું કે બોનલ અને ગ્રેજ્યુઇટી કે બક્ષીસ નથી કર્મચારીને આ લાભો તેની લાંબી સતત વિશ્વાસપાત્ર અને હોનરહિત સેવાના બદલામાં આપવામાં આવે છે. ભારતનાં બંધારણની કલમ-૩૦૦ (એ) ની જોગવાઇ મુજબ કાયદાકીય પ્રક્રિયાને અનુસર્યા સિવાય કર્મચારીના આવા અધિકારને ઝૂંટવી શકાય નહીં. ઝારખંડ સરકારની અપીલ ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આવો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપેલ છે. જેનાથી ફોજદારી કાર્યવાહી પેન્ડીંગ હોય તેવા સંજોગોમાં પેન્શન કે ગેજ્યુઇટી અટકાવેલ હોય તેવા હાજરો કર્મચારીને આ ચુકાદાથી અસર થશે, કોઇ પણ કર્મચારી બંધારણની કલમ-૩૧(૧) અનુસાર પેન્શન અને ગેજ્યુઇટી મેળવવાનો અધિકાર ધરાવે છે માત્ર રાજય સરકારના આદેશથી કર્મચારીના આવા અધિકારને રોકી શકાય નહીં.

વધુમાં જણાવ્યું હતું કે બંધારણની કલમ-૩૦૦(એ) અનુસાર કાયકાદીય ઓથોરીટીની મંજુરી વગર વ્યક્તિને તેના પેન્શનથી વંચિત રાખી શકાય નહીં તેમજ રજાના રોકડ રૂપાંતર તથા ગ્રેજ્યુઇટી પણ રોકી શકાય નહીં.

# તમારા કમાયેલા ધનને બે હાથ વડે ન સંઘરો પણ હજાર હાથે વાપરો, સ્વાર્થ છોડી પરમાર્થ માટે ધન જો વપરાશે તો તે કયારેક નહિ ખૂટે, નદી હજારો ધારાઓમાં વહે છે, પણ જળમાં સ્રોત અક્ષય રહે છે, તેમ તમારૂં ધન હજાર હાથે વપરાશે તો પણ અક્ષય રહેશે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

શતહસ્ત સમાહાર સહસ્ત્રહસ્ત સં કિર ।
કુતસ્ય કાર્યસ્ય ચહ સ્ફાતિ સમાહર ॥
(અથર્વવેદ - ૩ ૨૪-૫)

'હે મનુષ્યો, તમે શત-શત હાથથી કમાવો ને હજારો હાથ વડે ખર્ચો, તેનું દાન કરી દો. આ રીતે આપ આપના કરેલા તથા કરનારા કર્મોથી વૃદ્ધિ કરો.' ઉપરોક્ત મંત્ર 'અથર્વ વેદ' ના ત્રીજા કાંડમાં છે. અથર્વ વેદ વિશે ઘણી ભ્રામક માન્યતાઓ સમાજમાં ફેલાયેલી છે. ઘણા લોકો અથર્વવેદને જાદુ - વિદ્યાનો કે મેલી સાધનાનો ગ્રંથ માને છે. તેમાં આવતા તુષ્ટિ પુષ્ટિ તથા અભિચારક મંત્રોને કારણે આવી માન્યતા સમાજમાં વ્યાપક બની છે. આ ઉપરાંત ભારતીય તત્ત્વજ્ઞાનની અલ્પ સમજ ધરાવનાર, તથા હર્બટ - સ્પેન્સરના વિકાસવાદને એક માત્ર સાચો માનનાર પશ્ચિમી વિવેચકો પણ આ પ્રકારની માન્યતાના પ્રચાર તથા પ્રસાર માટે જવાબદાર છે.

પણ જેમ જેમ આપણા વિદ્વાનોએ સ્વબુદ્ધિથી અથર્વવેદનો અભ્યાસ કર્યો. તેમ તેમ જાણવા મળ્યું કે આ વેદ તો સર્વાંગ - સંપૂર્ણ જ્ઞાન-સાગર છે. અથર્વવેદમાં જીવનને આવરી લેતા તમામ પાસાં પર ઊંડાણપૂર્વક વિચારણા જોવા મળે છે. ત્રિવેદમાં પારલૌકિક સુખ માટે વધારે પ્રાર્થનાઓ છે તો અથર્વવેદમાં આ લોક તથા પરલોક બંને સુખદાયક બને તેવા મંત્રો સૂચવાયા છે.

અથર્વવેદ ઘણી બધી વિશેષતા પણ ધરાવે છે. તેમાં સૃષ્ટિના ગૂઢ-રહસ્યો, દિવ્ય પ્રાર્થનાઓ, યાજ્ઞિક-ક્રિયાકાંડો, રોગ તથા તેનાં ઉપચારો, વિવાહ અને પ્રજનન, સમાજ તથા કુટુંબ-વ્યવસ્થા, વનસ્પતિની ઓળખ તથા તેના ઔષધીય પ્રયોગો - ઇત્યાદિ અનેક બાબતોને આવરી લેવામાં આવી છે. યજ્ઞના આચાર્ય 'બ્રહ્મા' કહેવાય છે. આ યજ્ઞની સફળતા માટે બ્રહ્મા કેવા જ્ઞાન-સંપન્ન હોવા જ જોઇએ તે આ વેદ દર્શાવે છે. અથર્વવેદની મહત્તા પામી જનારા તેના બે મુખ્ય ભાષ્યકારો, જયંત-ભટ્ટ તથા સાયણાચાર્યે તેને પ્રથમ અને આદ્ય-વેદ ગણાવ્યો છે. અથર્વવેદમાં વિભિન્ન પ્રકારના મણિ ધારણ કરવાના ઉલ્લેખ છે અને તેના ફળો દર્શાવાયા છે. પણ 'મણિ'નાં પૂર્ણ અર્થ સ્પષ્ટ થતો નથી. આચાર્ય શ્રીરામ શર્માજી તો દિવ્યશક્તિના પ્રતિક તરીકે તે જુએ છે. આયુર્વેદ તો અથર્વવેદનો જ ભાગ કે ઉપવેદ મનાય છે. કષ્ટસાધ્ય રોગ પર વનસ્પતિના પ્રયોગો પણ તેમાં સૂચવાયા છે.

અથર્વવેદમાં વ્યવહારિક જીવનને સુખમય બનાવવા માટે ઘણાં મંત્રો છે. તેમાંથી પ્રસાદીરૂપે આ એક મંત્ર પસંદ કર્યો છે. સામાન્યતઃ આપણે એવું માનીએ છીએ કે ધર્મગ્રંથોમાં ભગવાનના વર્ણનો તેની પ્રાર્થનાઓ તથા તેના અલૌકિક કાર્યો જ હોય છે. પરમ-તત્ત્વની મહત્તાનું જ્ઞાન ધર્મગ્રંથો આપે છે. પરંત આ મંત્ર દર્શાવે છે. કે ઋષિઓ વ્યવહારિક જીવન પરત્વે પણ યોગ્ય ને સાનુકૂળ દૃષ્ટિકોણ ધરાવતા હતા. અહીં તો સેંકડો હાથવાળા થઇ ધન એકઠું કરવાનું કહ્યું છે. શક્ય તેટલા પ્રયત્નોથી ધન-ધાન્ય એકઠું કરો, તમો જે સ્થાનમાં વસો છો તેને પૂરતું સમૃદ્ધ કરો. જેમ ચોમાસાની વૃષ્ટિ થતા જળની ઉભરાતી નદીઓ ખેતીને સમૃદ્ધ કરે છે. જમીનને ફળદ્રુપ કરે છે તેમ તમારા સતત અને સખત પ્રયત્નોથી તમારૂં જીવન સમૃદ્ધ બનો. તમો સુખમય જીવન ગાળો. વેદો કયારેય દુઃખમય જીવન ગાળવાનું નથી કહેતા. સંસાર અસાર છે તેથી તેન છોડો તેવું નથી કહેતા. સંન્યસ્ત લેવું એ તો પલાયનવાદ છે. જીવનમાં આવતી હર - મુશ્કેલીનો સામનો કરી સમૃદ્ધ થાઓ. તમારૂં જીવન કર્મમય, પુરૂષાર્થથી ભરેલું હો. ધન કમાવાની અગાધ- શક્તિ તમારામાં ઉભરો - ધન એકઠું કરવા શક્ય તેટલી શક્તિ યોગ્ય માર્ગે લગાવો. આપણા કવિ નર્મદે કહ્યું છે,

'સાહસે જાઓ પરદેશ - બીક ન રાખા
સાહસ કરો વ્યાપાર જમે બહુ લાખો'

આમ અખૂટ સમૃદ્ધિ ભલે ભેલી કરો. તમારું જીવન સુખમય શાંતિમય હો...

પણ આટલું પૂરતું નથી. ઋષિ તરત જ કહે છે સેંકડો હાથે કમાવ - આ ધનને આપો, કમાવા સાથે દાન કરવાનું, આ ધનને સાર્વત્રિક હિતમાં વાપરવાનું ન ભૂલશો. 'વધારાનું ધન તીર્થસ્થાનમાં નાખવું' તેવું ઉપનિષદનું વાક્ય છે. તમારા કમાયેલા ધનને બે હાથ વડે ન સંઘરો પણ હજાર હાથે વાપરો. સ્વાર્થ છોડી પરમાર્થ માટે ધન જો વપરાશે તો તે કયારેક નહિ ખૂટે. નદી હજારો ધારાઓમાં વહે છે. પણ જળમાં સ્રોત અક્ષય રહે છે. તેમ તમારૂં ધન હજાર હાથે વપરાશે તો પણ અક્ષય રહેશે. દાનનો પ્રવાહ વહેતો રાખવો તો ધનનો દાતા ઇન્દ્ર તમને સહાય કરવાનો છે. 'મહાહસ્તે દક્ષિણેન' ન્યાયથી કમાયેલા ધન જમણા હાથે દાન કરવામાં વાપરો. આસપાસના તમારા જ દુઃખી - નબળા - અપંગ ભાઇ-બહેનો તરફ નજર દોડાવો. તેના દુઃખમાં ભાગ લેવા, પ્રભુને જે તમને આપ્યું છે તેની વહેંચણી કરો, આ માટે સતત કર્મશીલ બનો, તમારા કરેલા કર્મો તમને યોગ્ય માર્ગે વાળે. એ કર્મો ફળદાતા બનતા. વધારેમાં વધારે ફળ આપતા જાય. આ પ્રકારના કર્મો કરવા સદા તત્પર રહો. સ્વાર્થી થઇ ધનમાં સંગ્રહ કરશો, વહેતા પ્રવાહને અટકાવવા યત્નો કરશો તો સમાજ તમને ચોર ઠરાવશે. 'વૃત્ત' ને હણનાર ઇન્દ્ર તમારા પર નારાજ થાશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)